સમસ્ત અનુસૂચિત જાતિ માટે ડૉ. આંબેડકર કમ-૨૦૧૩ ક્રિકેટ ટુર્નામેન્ટનો ઉદ્‌ઘાટન સમારંભ લોકસભાના સંસદ સભ્ય ડૉ. કિરીટભાઈ સોલંકીના શુભાસ્તે ગતરોજ યોજાઈ ગયું. ડૉ. આંબેડકર ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૧૩નો ઉદ્‌ઘાટક સમારંભ ૨૫મી મે-૨૦૧૩ના રોજ સવારે ૧૦ કલાકે સરકારી વિનયન કોલેજનું મેદાન, મહાત્મા મંદિર પાસે, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે યોજાઈ ગયો. ઉદ્‌ઘાટનમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, અતિથિ વિશેષ તરીકે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના એમ.ડી. આર. એમ. જાદવ, જિલ્લા માહિતી કચેરી નાયબ માહિતી નિયામક પ્રજ્ઞાબેન પટેલ, ગુજરાત અતિપછાત જાતિ વિકાસ નિગમના ડિરેક્ટર અરૂણ સાધુ અને ભાઈ ભાઈ ફેઈમ કલાકાર અરવિંદ વેગડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પાંચ દિવસ ચાલનારી ટુર્નામેન્ટ માટે દરેક ટીમને સ્પોર્ટ્સમેન સ્પીરીટ રાખી વિજયી બનવા શુભેચ્છા પાઠવી હતી. ક્રિકેટ ટુર્નામેન્ટમાં અનુસૂચિત જાતિની ગુજરાતની સોળ ટીમોએ ભાગ લીધો છે જેની ફાઈનલ મેચ ૨૯મી મે-૨૦૧૩ના રોજ યોજાશે. એમ શૈલેષ જાદવે જણાવ્યું છે.

ઉવારસદ ગામની ઝાડીઓમાં જુગાર રમતા ત્રણ ઝડપાયા

રૂ. ૯૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરીને ત્રણેયની ધરપકડ : એલસીબીનો દરોડો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ગામની પાણીની ટાંકી પાસે ઝાડીઓમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડીને ત્રણ જુગારીઓને રંગે હાથ ઝડપી પાડયા હતાં. રૂ. ૭૨૦૦ રોકડ તથા બે મોબાઈલ મળીને રૂ. ૯૨૭૦નો મુદ્દામાલ જપ્ત કરી ત્રણેય જુગારીઓની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબીના એએસઆઈ અંબાલાલને બાતમી મળી હતી કે ઉવારસદ ગામની સીમમાં મોટા તળાવ પાછળ પાણીની ટાંકી પાસે ઝાડીઓમાં ઘુસીને કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમીને આધારે અંબાલાલ તથા પો.કો. મહિપાલસિંહ સહીત સ્ટાફના માણસો બાતમીવાળા સ્થળે પહોંચી ગયા હતા અને રેડ પાડીને જુગાર રમી રહેલા ત્રણ શકુનીઓને પકડી પાડયા હતાં. રૂ. ૭૨૦૦ રોકડા તથા બે નંગ મોબાઈલ મળીને રૂ. ૯૨૦૦નો મુદ્દામાલ કબ્જે કરીને એલસીબીની ટીમે ત્રણેય જુગારીઓની ધરપકડ કરી અડાલજ પોલીસને સોંપી દીધા હતાં. ઉવારસદ ગામના ભઈજી વિહાજી ઠાકોર, જયંતિ અમૃત પ્રજાપતિ અને નરેશ મહોત ઠાકોર ત્રણેય જુગારીઓ વિરૂધ્ધ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કારમાં દારૂની બોટલો લઈને બેસેલા ચાર નબીરા ઝડપાયા

મુબારકપુર પાસે સ્વીફટ ગાડીમાં બેઠા હતા : એલસીબીએ બાતમીને આધારે પકડી પાડયા

ગાંધીનગર, તા. ૨૫

કલોલ તાલુકા વિસ્તારના મુબારકપુર ગામની સીમમાં રોડ પર ઉભેલી સ્વીફટ ગાડીમાં દારૂની બોટલો સાથે ચાર જણ બેઠા હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીએ રેડ કરી સ્વીફટ ગાડીનું ચેકીંગ કરતાં ચાર નબીરાઓ દારૂની બોટલો સાથે મળી આવ્યા હતાં. ચાર નંગ દારૂની બોટલ મળીને રૂ. ૫.૧૪ લાખના મુદ્દામાલ સાથે ચારેય નબીરાઓની ધરપકડ કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારને મળેલી બાતમીને આધારે એલસીબી ટીમના હે.કો. કાંતિભાઈ તથા સ્ટાફના માણસો બાતમીવાળા સ્થળે મુબારકપુરની સીમમાં ઉભેલી સ્વીફટ ગાડીનું ચેકીંગ કરતાં તે ગાડીમાંથી ચાર નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. અમદાવાદ કૃષ્ણનગર વિસ્તારમાં રહેતો પ્રજ્ઞેશ રમેશભાઈ મહેતા, ભાવનગરનો વિશાંત ચંપકભાઈ સલોટ, નરોડામાં રહેતો અતુલ રસીકભાઈ શાહ અને અમદાવાદના સઈજપુર બોઘા વિસ્તારનો ઈન્દ્રજીત ભાવુસિંહ બિહોલા ચાર શખ્સો સ્વિફટ ગાડીમાં બેઠા હતાં. ચારેય શખ્સોની ચાર દારૂની બોટલ મળી રૂ. ૫.૧૪ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરીને કલોલ તાલુકા પોલીસ સ્ટેશને કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સંપન્ન

બેઠકમાં પદાધિકારીઓને જુદા જુદા વિષયોની કામગીરી ફાળવાઈ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠકમાં પદાધિકારીઓ દ્વારા મહાનગરપાલિકાનો નિંભર બેજવાબદાર વહીવટ, સફાઈની અવદશા, રખડતા ઢોર અને કૂતરાઓનો ભયંકર ત્રાસ, ચોમાસુ પાણીના આગોતરા આયોજનની નિષ્ફળતા વગેરે બાબતે ચર્ચાઓ કરવામાં આવી હતી અને હોદ્દેદારોને જુદા જુદા વિષયો ફાળવી તેની જવાબદારી સોંપાઈ હતી.

જાગૃત નાગરિક પરિષદના પદાધિકારીઓની પ્રથમ બેઠકમાં સંસ્થાની કામગીરીઓનું અને જવાબદારીનું અસરકારક આયોજન કરવામાં આવ્યું હતું. લવજીભાઈ વાડીઆના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં ભાનુપ્રસાદ પુરાણીએ શિક્ષણ, મોંઘવારી, કારોબારીમાં સહવર્ણી અને અન્ય સેવાભાવી સંસ્થાઓ સાથેનું સંકલનની બાબતો તથા રાજેન્દ્રભાઈ પારેખને આરોગ્યને લગતી બાબતો વિશે, નિરંજનભાઈ ઓઝાને મહાનગરપાલિકા, આધાર કાર્ડસ - સર્વ સામાન્ય પત્ર વ્યવહાર અને મીટીંગોનું આયોજન. જે. જે. ત્રિવેદી વીજળીને લગતી બાબતો, ડાહ્યાભાઈ ગાંધીને માહિતી મેળવવા અંગેના કાયદા હેઠળ કરવાની થતી તમામ કામગીરીઓ, સોમાભાઈ પરમારને અદ્યતન હિસાબો સાથે ઓડિટ કરાવીને ચાર્જની લેતી-દેતી અંગે તથા જ્યોતીન્દ્રભાઈ દવેને સર્વગ્રાહી વિકાસને લગતી બાબતો અંગે અને લવજીભાઈ વાડીઆને જાહેર વહીવટ-ભ્રષ્ટાચાર-સલાહકારોની સંમતિ અને સોંપાયેલ તથા નહીં સોંપાયેલ અન્ય તમામ બાબતોની ફાળવણી કરવામાં આવી હતી. પદાધિકારીઓ દ્વારા આ બેઠકમાં મહાનગરપાલિકાના બેજવાબદાર વહીવટ સફાઈની અવદશા, રખડતા ઢોર અને કૂતરાના ત્રાસ, આંતરિક રસ્તાઓની બિસ્માર હાલત અંગે અને જોખમી ખખડધજ સરકારી આવાસો અંગે રજૂઆતો કરવામાં આવી હતી અને વિશેષ કાર્યવાહી કરવાનું આયોજન થયું હતું.

શારીરિક-માનસીક ત્રાસ બદલ વધુ બે મહિલાની સાસરીયા સામે ફરીયાદ

ઉનાવા ગામમાં સાસરીયાઓએ મારઝુડ કરીને પરિણીતાને ઘરની બહાર કાઢી મુકી : ઓસ્ટ્રેલિયા જવા માટે પૈસા માંગીને વેડાની પરિણીતાને ઝુડી નાંખી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં મહિલા અત્યાચારનું પ્રમાણ ધીમે ધીમે વધી રહ્યું હોવાનું પોલીસ ચોપડે રોજબરોજ નોંધાતા ગુનાઓ પરથી ચોક્કસપણે કહી શકાય તેમ છે. આજે વધુ બે પરિણીતાઓએ શારીરિક-માનસિક ત્રાસ આપતા સાસરીયાઓ વિરૂદ્ધ ફરીયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગાંધીનગર નજીક ઉનાવા ગામમાં રહેતી પરિણીતા દક્ષાબેન ઘનશ્યામભાઈ પટેલે પેથાપુર પોલીસને આપેલી ફરીયાદ પ્રમાણે તેમના પતિ ઘનશ્યામભાઈ તથા સસરા ઈશ્વરભાઈ, સાસુ ડાયીબેન અને જેઠ કાંતિભાઈ પટેલ મળીને દક્ષાબેન સાથે મારઝુડ કરી શારીરિક અને માનસીક ત્રાસ આપી ઘરમાંથી બહાર કાઢી મુક્યા હતા. આ અંગે દક્ષાબેનની ફરીયાદને આધારે પેથાપુર પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે. તે ઉપરાંત કલોલ તાલુકાના વેડા ગામમાં રહેતી પરિણીતા ડીમ્પલ પ્રતિકકુમાર વ્યાસને તેના પતિ યુનિકકુમાર તથા સસરા રમેશચંદ્ર વ્યાસ અને સાસુ અલ્કાબેન વ્યાસ મળીને ઓસ્ટ્રેલિયા જવા માટે રૂપિયાની માંગણી કરીને એકસંપ થઈ ડીમ્પલબેનને ગડદાપાટુનો માર મારીને ત્રાસ આપતા હોવાની પરીયાદ પોલીસને આપતા પેથાપુર પોલીસે આ ફરીયાદ લઈને શૂન્ય નંબરથી કલોલ તાલુકા પોલીસ સ્ટેશને મોકલી આપી છે.

આજે ગાંધીનગરના ઝૂંપડાવાસીઓના પ્રશ્નો અંગે લોક દરબારનું આયોજન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના ઝૂંપડાવાસી-લારી ગલ્લા, બીપીએલ કાર્ડ ધારકો-ચીપ શોપીંગ દુકાનોના સળગતા પ્રશ્નો અંગે લોક દરબારનું આયોજન આજે તા. ૨૬મી મે ૨૦૧૩ના રોજ સવારે ૧૦.૩૦થી ૧૨.૩૦ દરમિયાન ઈનટુક લેબર સેલની ઓફિસ, સેકટર-૨૪, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેર જિલ્લા રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ ચતુરજી ઠાકોરે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગાંધીનગરમાં આશરે ૧૦,૦૦૦ જેટલા ઝૂંપડાઓ છે. ૧૯૬૯થી આજ દિન સુધી કોઈ પણ ઝૂંપડાવાસીને જમીનનો પ્લોટ આપેલ નથી. ૧૯૮૫થી ઈન્દીરાનગર કોટબહારના ૨૫૦ ઝૂંપડા કોર્ટમાં કેસ રજૂ કરેલ છે. જેમાં ૨૫૦ ઝૂંપડામાંથી ૧૨૫ જેટલા ઝૂંપડા લીસ્ટમાં લીધેલ છે. બાકીના ૧૨૫ ઝૂંપડા કોટ અંદર-બહારના ઝૂંપડા લીસ્ટમાં લીધેલ નથી અને જે લીસ્ટ બનાવેલ છે જેમાં ૧૨૫ ઝૂંપડાના નામ ન હોવાથી ગાંધીનગર શહેરના તમામ ઝૂંપડાવાસીઓ અને લારી ગલ્લા, ચીપ શોપીંગની દુકાનોના પ્રશ્નો અંગે આપ-લે અને વિચારણા કરવા અંગે લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું છે.

શહેરમાંથી વધુ બે યુવતીઓ લાપતા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર વિસ્તારમાંથી બે દિવસમાં વધુ બે યુવતીઓ ગુમ થયાની જાણવા જોગ અરજી શહેરના પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી છે. ઉદ્યોગભવન પાસે રહેતી ૨૨ વર્ષીય રમજુબેન ગઈ કાલે ઘરેથી કોઈને કાંઈ કહ્યા વિના ચાલી ગઈ હતી તેણીની શોધખોળ બાદ પણ હજુ સુધી કોઈ પત્તો મળ્યો નથી તો બીજી તરફ સેકટર-૫-એ પ્લોટ નં. ૪૯૦/૨માં રહેતી ૨૩ વર્ષીય વિભુતીબેન પ્રહલાદભાઈ ઠક્કર આજે ઘરેથી કોઈને કાંઈ કહ્યા સિવાય ચાલી ગઈ હતી. તેણીના પણ કોઈ સગડ ન મળતા ચિંતાતુર પરિવારજનોએ સે-૭ પોલિસ સ્ટેશનમાં ગુમ થયા અંગેની જાણવા જોગ અરજી આપી છે જેને આધારે પોલીસે તપાસનો દૌર શરુ કર્યો છે.

લોકસાહિત્ય આજે પણ સૌને માણવું ગમે છે. લોકભોગ્ય ભાષામાં ગવાતા ગીતો અને કહેવાતી વાતઓ સાંભળવા મોડી રાત સુધી શ્રોતાઓની ભીજ જામે છે. જય અંબે પરિવાર, સેક્ટર-૧૩ દ્વારા એક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાવિક ભક્તો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને ડાયરાને મન મૂકીને માણ્યો હતો.

કૃષિ મહોત્સવ નિમિત્તે મુખ્યમંત્રી સીધા ખેડુત સાથે વાત કરશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લામાં હવેથી કૃષિ મહોત્સવ અંતર્ગત જિલ્લાના ખેડૂતો સાથે મુખ્યમંત્રીશ્રી સીધી વાત કરી ખેડૂતોના પોતાના અનુભવોનો નિચોડ લેશે તેમજ રાજયના બીજા કોઈ મહત્વના પ્રશ્નો પણ જે ખેડૂતને સતાવતા હોય તેનો ખ્યાલ મુખ્યમંત્રી શ્રી સીધા ખેડૂત સાથે ટેલીફોનીક વાતચીત કરી માહિતગાર થશે તેમજ લાગતા વળગતા અધિકારીઓને પણ મૌખિક સુચનાઓ તરત જ આપવામાં આવશે. તે ઉપરાંત ખેતીમાં થયેલી પ્રગતિ અથવા તો કોઈ ખેડૂત દ્વારા પોતાની આંતર સુઝથી ખેતી કામમાં નવીન શોધ થઈ હોય અને તેને પ્રોત્સાહન આપવા માટે રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સીધા જ ખેડુતને ફોન કરી માહિતગાર થશે.

ભાજપ સંગઠનનો આભાર વ્યક્ત કરતા ભાજપ લઘુમતિ રાષ્ટ્રિય સચિવ

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત રાજય હજ સમિતિ ગાંધીનગરના અધ્યક્ષ સૂફી સંત મહેબૂબ અલી બાવા સાહેબની ભાજપ લઘુમતિના રાષ્ટ્રીય સચિવ તરીકે નિમણૂંક કરવામાં આવી છે. જે બદલ તેમણે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહ અને મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી તથા સમગ્ર રાષ્ટ્રીય અને પ્રદેશ ભાજપ સંગઠનનો આભાર વ્યક્ત કર્યો છે.

ગઠિયો રૂ. ૬ લાખ ભરેલી બેગની ઉઠાંતરી કરી ગયો

અમદાવાદ, તા. ૨૫

શહેરમાં દિન-પ્રતિદિન ચોરીના બનાવોમાં વધારો થતો જાય છે. તસ્કરો અનેક તરકીબો અજમાવી નિર્દોષ નાગરિકોની મત્તાચોરી નાસી જાય છે. શહેરના પ્રેમદરવાજા પાસે એક વેપારીની કારમાંથી આજાણ્યો શખ્સ નજર ચુકવી રૂપિયા ૬ લાખ ભરેલી બેગ લઈ ફરાર થઈ ગયો હતો. આ અંગે માધુપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ઘટનાની મળતી માહિતી મુજબ શહેરના સાણંદ રોડ પર આવેલી શ્રીનાથજી સોસાયટીમાં વિનેશભાઈ હેમરાજભાઈ પોતાના પરીવાર સાથે રહે છે. વિનેશભાઈ એક વ્યાપારી છે. ગુરૂવારે બપોરે વિનેશભાઈ તેમની કાર લઈને પ્રેમદરવાજાની પાસે આવેલી ગુડલક વીલજી નામની દુકાન પાસે ઉભા હતા. તેમની કારમાં રૂા. ૬ લાખ ભરેલી લેધરની બેગ મુકી હતી. તે દરમ્યાનમાં કાર પાસે વિનેશભાઈ ઉભા હતા ત્યારે એક અજાણ્યો શખ્સ આવ્યો હતો અને તમારા પૈસા પડી ગયા છે તેમ કહ્યું હતું. જેથી વિનેશભાઈ નીચે જુકતા જ અજાણ્યા શખ્સે કારમાં પૈસા ભરેલી બેગ લઈ છુમંતર થઈ ગયો હતો. આ અંગે વિનેશભાઈએ માધુપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫

સૂર્યાસ્ત : ૭.૦૬

તાપમાન

મહત્તમ : ૪૧.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૨૯ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ડૉરેમોન (હિન્દી) : ૯.૪૫, ૨.૦૦, ૬.૧૫

ઈસક્યુ ઈન પેરીસ : ૧૨.૦૦, ૪.૧૫, ૧૧.૦૦

હમ હૈ રેહી કાર કે : ૮.૩૦

: સ્ક્રીન-૨ :

ગો ગોઆ ગોને : ૯.૦૦

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૧.૧૫

આશિકી-૨ : ૨.૦૦, ૭.૩૦

ઔરંગજેબ : ૪.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૯.૦૦, ૫.૦૦, ૧૦.૧૫

ઔરંગજેબ : ૧૨.૦૦

ગો ગોઆ ગોને : ૨.૪૫, ૮.૦૦

: સ્ક્રીન-૪ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦

સૂર્યા, વાવોલ

ઔરંગજેબ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

શક્તિ ધ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

ઈશ્ક ઈન પેરીસ : ૧૦.૦૦, ૩.૦૦

જિંદગી ૫૦-૫૦ : ૧૨.૩૦, ૫.૩૦

આશિકી- ૨ : ૭.૧૫, ૧૦.૦૦

ચિરાગ, કલોલ

રફતાર કા ઝનૂન - ૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. કુટુંબના સભ્યો સાથે મતભેદ થઈ શકે છે.

વૃષભ : યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે.

મિથુન : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા.

કર્ક : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ છે. નવા સંબંધ બની શકે છે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે.

સિંહ : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

કન્યા : વાહન ખરીદવાની સંભાવના છે. પ્રયત્નોમાં સફળતા મળશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

તુલા : મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું. આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો.

વૃશ્ચિક : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના. અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે.

ધન : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે.વિશેષ રુચિ જાગૃત થઈ શકશે.

મકર : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે.

કુંભ : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે.

મીન : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ.

ચિરવિદાય

- સ્વ. રાઠોડ કોમીબેન સોમાભાઈ (ઉ.વ. ૭૯) મુ.પો. શિહોલી મોટી, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ત્રિવેદી મધુકાન્તાબેન છબીલભાઈ (ઉ.વ. ૭૦) ૧૨૦, સર્વોદયનગર, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. ભુપતકર રમેશચંદ્ર છત્રભુજ (ઉ.વ. ૭૨) પ્લોટ નં. ૪૬૮/૧, સેકટર-૨૮, ગાંધીનગર.
- સ્વ. કામદાર નીલમબેન બિપીનચંદ્ર (ઉ.વ. ૭૬)પ્લોટ નં. ૨૩, સેકટર-૧૯, ગાંધીનગર.
- સ્વ. જશોદાબેન દયાશંકર મેવાડા (ઉ.વ. ૬૫)કે-૨૬, ન્યૂ ગ્રીનસીટી, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. હંસાબેન અરવિંદભાઈ ગોહિલ (ઉ.વ. ૩૮) સેકટર-૨૦ના છાપરાં, ગાંધીનગર.
- સ્વ. ઈન્દુમતીબેન ગુણવંતરાય જોશી (ઉ.વ. ૭૪) પ્લોટ નં. ૫૧૨/૧, સેકટર-૨૩, ગાંધીનગર.
- સ્વ. ધુળીબેન જેસંઘજી ઠાકોર (ઉ.વ. ૯૦) ૧૨૦, સર્વોદયનગર, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. ગૌરીબેન રાણાજી ઠાકોર (ઉ.વ. ૬૦) મુ.પો. ગોકુલપુરા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. દશરથજી તખુજી વાઘેલા (ઉ.વ. ૫૩) મુ.પો. જલુંદ, તા., જિ. ગાંધીનગર.